# 15 આ રસ્તાઓ

**ઉશનસ્**

(જન્મ : તા. 28-9-1920; અવસાન : 6-11-2011)

કવિ, વિવેચક, આત્મકથાલેખક નટવરલાલ કુબેરદાસ પંડ્યા - 'ઉશનસ્'નો જન્મ વડોદરા જિલ્લાના સાવલી ગામમાં થયો હતો. તેમણે માધ્યમિક શિક્ષણ ડભોઈમાં તેમજ ઉચ્ચ શિક્ષણ વડોદરામાં લીધું હતું.

વલસાડની કૉલેજમાં આચાર્ય પદે રહી, સેવાનિવૃત્ત થયા હતા. સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી કવિતા ક્ષેત્રે પ્રદાન કરનાર વિશિષ્ટ કવિઓમાં તેમનું સ્થાન મહત્ત્વનું છે. પ્રકૃતિ, સંસ્કૃતિ તેમજ પ્રેમના કવિ છે. ભાવના તેમજ ચિંતન તેમનાં સોનેટ તેમજ કાવ્યોનાં લક્ષણો છે.

'પ્રસૂન', 'નેપથ્યે', 'આર્દ્રા', 'મનોમુદ્રા', 'તૃણનો ગ્રહ', 'સ્પંદ અને છંદ', 'અશ્વત્થ', 'વ્યાકુળ વૈષ્ણવ' જેવા વીસેક કાવ્યસંગ્રહો તેમણે આપ્યા છે. 'સમસ્ત કવિતા' એ 1955થી 1995 સુધીની તેમની કવિતાનો સંચય છે. નાનાં ભૂલકાંને ધ્યાનમાં રાખીને 'શિશુલોક' સંગ્રહ આપ્યો છે. 'ઉપસર્ગ', 'મૂલ્યાંકનો', 'રૂપ અને રસ' જેવા વિવેચનગ્રંથો તેમણે આપ્યા છે. તેમજ 'સદ્‌માતાનો ખાંચો' જેવી સ્મરણકથા તેમની પાસેથી મળી છે. તેમણે કેટલાંક નોંધપાત્ર સંપાદનો પણ આપ્યાં છે.

નર્મદ ચંદ્રક, રણજિતરામ સુવર્ણચંદ્રક,ભારતીય સાહિત્ય અકાદમી એવોર્ડ, નરસિંહ મહેતા એવોર્ડ દ્વારા એમની સર્જકપ્રતિભા બિરદાવાઈ છે.

અહીં કવિની રસ્તાપ્રીતિ લાક્ષણિક રીતે અભિવ્યક્ત થઈ છે. કવિ રસ્તાઓ વિશે પહેલા તો ફરિયાદ કરે છે કે રસ્તાઓ મને ક્યાંય જંપવા દેતા નથી. ચાલવા માટે મને લોભાવે છે. સ્વપ્નમાં આવે છે. કવિતાની મઝા એ છે કે કવિનો આ સ્થાનિક રસ્તો આગળ વધતાં વ્યાપક બનતો જાય છે અને કવિ ધીરે ધીરે રસ્તા અને આ પૃથ્વીને એવા ચાહતા થઈ જાય છે કે મૃત્યુ પછી પણ તેને પૃથ્વી અને પૃથ્વીપટ પર રહેલા રસ્તાઓનું પ્રલોભન રહે છે અને એ અપેક્ષા સેવવા લાગે છે કે હજુ એવા કેટલાય રસ્તાઓ છે જ્યાં હું ચાલ્યો નથી.

---

મને આ રસ્તાઓ જરીય ઠરવા દે ન, ઘરમાં
ઘૂસી આવે ક્યાંથી ઘર વગરના, ચોર; પકડી
લિયે હૈયું, મારા કર પકડીને જાય ઘસડી,
ન પૂરું સૂવા દે; સ્વપન મહીં આવે નજરમાં.
વીંટાયા છે કેવા પૃથિવી ફરતા લેઈ ભરડા !
નવા અક્ષાંશોની ઉપર નવ રેખાંશ-ગૂંથણી !
અરે, આ કૈં વાંકા ગલ જલધિનીરે જઈ પડ્યા !
હલાવું આ બીજા તરુવિટપ શા, તો મધપૂડા
ઊડે વસ્તી કેરા ટીશી ટીશી રહે શી બણબણી !
મને આ પૃથ્વીની પ્રીત પણ અરે, એવી જ મળી :
રહે ના દીવાલો ભીતર ગૃહિણી શી ઘર કરી;
છતાં, હાવાં તો એ રખડુ-શું હૈયું એવું હળ્યું કે
હું સ્વર્ગેથીયે આ પૃથિવી પર પાછો ફરીશ, હા;
- હજી કૈં કૈં રસ્તા મુજ પદની મુદ્રા વણ રહ્યા.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## શબ્દસમજૂતી

**કર** - હાથ; **ભરડો** - આલિંગન; **અક્ષાંશ - રેખાંશ** - પૃથ્વી પરની કલ્પિત આડી - ઊભી રેખાઓ; **ગલ** - માછલા પકડવાનો આંકડો; **જલધિ** - સમુદ્ર; **તરુવિટપ** - વૃક્ષની ડાળી; **ટીશી** - અંકુર, કૂંપળ; **હાવાં** - હમણાં; **પદની મુદ્રા** - પગનાં નિશાન

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક - એક વાક્યમાં ઉત્તર લખો.**

(1) કવિ પોતાના હૈયાને કેવું ગણાવે છે ?

(2) 'રસ્તાઓ' શી રીતે પૃથ્વી પર વીંટળાયેલા છે ?

(3) સ્વર્ગારોહણ પછી પણ કવિની શી ઈચ્છા પ્રબળ બની રહી ?

**2. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો.**

(1) કવિને શેના પ્રત્યે આકર્ષણ છે ? શા માટે ?

(2) કવિને સ્વપ્નમાં શું નજરે ચઢે છે ?

(3) ગલની શી દશા થઈ ? શા માટે ?

(4) ઝાડની ડાળી પર શું રહેલું છે ? તેને હલાવતાં શી સ્થિતિ થાય છે ?

**3. વિસ્તૃત ઉત્તર લખો.**

(1) 'આ રસ્તાઓ' શીર્ષક ચર્ચો.

(2) રસ્તાની આગવી વિશિષ્ટતા કાવ્યનાં આધારે તારવો.

## વિદ્યાર્થી પ્રવૃત્તિ

1. આ સૉનેટનું સમૂહગાન કરો.
2. સૉનેટસંગ્રહનું ભીંતપત્ર બનાવો.

## ભાષાભિવ્યક્તિ

સૌ પ્રથમ કાવ્યનું શીર્ષક તમારું ધ્યાન ખેંચશે. 'આ રસ્તાઓ' કવિ રસ્તાઓ સમક્ષ ઊભા છે. કવિને રસ્તાઓ વિશે મીઠી ફરિયાદ છે તેને લાગે છે કે આ રસ્તાઓ તેને જંપવા દેતા નથી.

'ઘરમાં ઘૂસી આવે ક્યાંથી ઘર વગરના, ચોર, પકડી લિયે હૈયું, મારા કર પકડીને જાય ઘસડી'

તમે જુઓ સજીવ તો કવિ છે - રસ્તા નિર્જીવ છે. ખરેખર તો રસ્તાઓનું આકર્ષણ કવિને પોતાને છે, તેમ છતાં કવિ રસ્તાઓનો વાંક કાઢતા હોય તેવું લાગશે.

'છતાં હાવાં તો એ રખડુ-શું હૈયું એવું હળ્યું કે...'

ઉપર્યુક્ત પંક્તિમાં 'હ'કાર બાહુલ્ય અને ઉ'કારાંત શબ્દાવલિ કવિતાને માધુર્ય બક્ષે છે.

## શિક્ષક પ્રવૃત્તિ

1. અન્ય કોઈ કવિના જાણીતા સોનેટનું વિદ્યાર્થીઓ સામે આદર્શપઠન કરો.
2. 'રસ્તો' વિશેની રતિલાલ 'અનિલ'ની ગઝલનું પઠન કરો.

●



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in